No Pages to Display

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૧૮ મું
સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# ટપાલની પેટી

: લેખક :
ગિજુભાઈ

અમદાવાદ ૭
૧૫૬
બાલમંદિર

☆

: પ્રકાશક :
આર. આર. શેઠની કંપની
મુંબઈ-૨ ૦ અમદાવાદ-૧

પચાસ પૈસા

: પ્રકાશક :
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

: મુદ્રક :
જુગલદાસ ચંપકલાલ મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

* * *

બાલસાહિત્યમાળાનાં

૮૦ પુસ્તકો

*

દરેકની કિંમત પચાસ પૈસા

( આખા સેટના રૂ. ૪૦=૦૦ )

કુલ નકલ ૧૫,૪૯૫

પહેલી આવૃત્તિ
ચાર મુદ્રણો
કુલ ૫૨૯૫

બીજી આવૃત્તિ
છ મુદ્રણો
૯૦૫૦ નકલો

સાતમું મુદ્રણ
૧૧૫૦ નકલો
તા. ૧૧-૬-૬૫

# ટપાલની પેટી

( ૧ )

સાંકડી શેરી, અમદાવાદ
તા. ૩ : ૮ : ૨૨

ચિ૦ નરેન્દ્ર,

આ સાથે હું હમણાં જ બહાર પડેલી થોડીએક ચોપડીઓ મોકલું છું. એ બધી વાંચવા જેવી છે માટે જ મોકલું છું.

પણ આ ચોપડી આવી છે અને પેલી ચોપડી તેવી છે એવી ચોપડી સંબંધી વાતો લખી ચોપડીના ગુણદોષની બાબતમાં હું તને નહિ દોરું. ચોપડી તારી મેળાએ તું વાંચી જજે. છપાઈ, બીબાં, ઉઠાવ, ચિત્રો વગેરે તને પોતાને કેવાં ગમે છે અને શા માટે, તે તું જ શોધી કાઢજે. કયું લખાણ કેટલું રુચ્યું કે ખૂંચ્યું તે તારે જાતે જ અનુભવવાનું છે.

મારું કામ સારી ચોપડી તારા હાથમાં

મૂકવાનું છે. એનો રસિક ઉપયોગ કરવાનું કામ તારું છે.

પણ આખો દહાડો વાંચ્યા નહિ કરતો. તો તો પછી વાંચણિયો થઈ જઈશ. અને એવો તારો ભાઈબંધ લખુ તો થઈ ગયો જ છે. હંમેશની કસરત ચૂકી ન જતો.

તારો ભાઈબંધો ખુશીમાં છે.

દિનુકાકાના આશીર્વાદ.

☆ ☆

( ૨ )

નવો બંગલો : : એલિસબ્રીજ
અમદાવાદ; તા. ૧૦ : ૮ : ૨૧

ચિ૦ કાંતિભાઈ,

હું આજે અમદાવાદથી મુંબઈ જઈશ. અમદાવાદમાં ઘણું જોવા જેવું છે; મને થાય છે કે એક વાર તું અને હું બન્ને સાથે મુસાફરી કરીએ. હું ભણતો તે વખતના અમદાવાદમાં અને આજના અમદાવાદમાં ગાઉંઓનું અંતર છે. તને મારી જૂની નિશાળ પણ બતાવીશ. અહીંની જુમ્મામસ્જિદ, શાહ-

આલમનો રોજો, દાદા હરિની વાવ અને એવું ઘણું જોવાનું છે.

પણ એથી વધારે તો અહીં કેટલાએક મહાપુરુષો છે કે જેમનાં દર્શન કરીએ. અહીંનાં સુંદર સ્થળો સાથે એમને પણ દેખાડીશ.

મુંબઈ જઈને હું તારા માટે પેન મોકલીશ, અને નાની બહેન માટે ફુક્કા મોકલીશ. તમે પેલી મારી ઓરડીમાં જ્યાં હમેશાં કહેવતો ને નામ ને વરતોની રમત રમો છો તે રમતાં હશો.

હું આઠેક દિવસમાં પાછો આવીશ.

લિ૦ તારો મોટો ભાઈ
દિનેશ.

☆ ☆

( ૩ )

બાલમંદિર : ભાવનગર
તા. ૨૧ : ૭ : ૨૮

ચિ૦ સુશીલા,

તું અહીંથી પહેલવહેલી બહાર નીકળી છે, તેથી કદાચ ગમતું નહિ હોય. તારો ભાઈ

અને તારી બહેનો તને સાંભરતાં હશે, અને કોઈ કોઈ વાર તો આંખમાં આંસુ પણ આવી જતાં હશે. પણ તે આંસુ લૂછી નાખજે. ઘર છોડીને જરા દૂર ભણવા જવાની પણ મજા છે. ત્યાં તને નવા નવા મિત્રો મળતા હશે જ. તેને જ તારાં ભાઈ-બહેન સમજજે. ત્યાં જનુભાઈ ને કાંતાબહેન તને ખૂબ સાચવતાં હશે એમાં મને શંકા નથી.

ત્યાંની શાળામાં શું શું નવું છે તે લખી જણાવજે. હું ધારું છું કે તારો સંગીતનો શોખ ત્યાં સારી રીતે પોષાશે. મેં તને સારા સારા અનુભવો નોંધી રાખવાનું કહ્યું છે તે જો બને તો કરજે.

ગઈ કાલ સૂરજબહેન અને કુસુમબહેન અને તારી બીજી સખીઓ આવી હતી, ને તારા ખબર પૂછતી હતી. મેં કહ્યું :—

“ સુશીલા આંબાની ડાળ,
સુશીલા સરોવરની પાળ,
સુશીલા   ટૌકા   કરે. ”

તેમને પણ ત્યાં આવવાનું મન થયું છે. કદાચ

ત્યાં આવે પણ ખરાં.

કાગળ લખજે.

ગિજુભાઈના આશીર્વાદ

☆ ☆

( ૪ )

વાજસુરપરા
૨૬ : ૭ : ૨૭

ચિ૰ ભાઈ,

તમને આ કાગળ મળશે તે પહેલાં જ ખબર પડ્યા હશે કે પૂલ તૂટી ગયો છે અને અમે અધવચ અટકી રહ્યા છીએ. ચાર દિવસે આજે ટપાલ શરૂ થાય છે, અને આ પહેલી તકે તમને કાગળ લખું છું.

મારી ચિંતા કરતાં હશો પણ ગાડીને કે માણસોને કશી જ ઇજા થઈ નથી. સખ્ત વરસાદને લીધે સડક ધોવાઈ ગઈ છે અને આજથી ત્રીજે દિવસે રેલ ચાલશે.

નદી એટલી તાણવાળી ને ઊંડી છે કે ઓળંગીને આવવું શક્ય નથી. ને અહીં હોડી છે જ નહિ. આ કાંઠાના આ કાંઠે ને પેલા

કાંઠાના પેલે કાંઠે !

જંગલમાં મંગળ જેને કહે છે તે અહીં થઈ રહ્યું છે. આટલાં બધાં માણસો આ નદીકાંઠે પડ્યાં છે. આજુબાજુનાં ગામડાંઓમાંથી ખોરાક આવે છે, અને અમે તે લઈએ છીએ.

અહીં એક નાની સરખી બજાર પણ થઈ ગઈ છે. ગરીબ મુસાફરોને માટે એક સદાવ્રત ખૂલી ગયું છે.

અહીં એવી ખૂબી થઈ છે કે બધા જાણે કે નાતજાતના ભેદો ભૂલી ગયા છે. બધા એકબીજાના મદદગાર થઈને રહીએ છીએ. સારું છે કે હમણાં બિલકુલ ઉઘાડ છે અને વરસાદનો છાંટો ય નથી.

રાત આખી દેડકાં 'ડરાંઉ' 'ડરાંઉ' કરી કાનને કંટાળો આપે છે; પણ ખુલ્લા અફાટ આકાશ નીચે પડ્યા પડ્યા ઊંચે રહેલા ભૂરા સાગરમાં તરતા ચંદ્રને જોવાની મજા આવે છે.

આ પણ એક મજાનો અનુભવ થયો. પણ આવી રીતે અનુભવ કરવાનો વખત આવે એ ઇચ્છવા જેવું નથી.

ગઈ કાલે સ્વયંસેવકોની જબ્બર ટુકડી

આવેલી છે. તેમનો સરદાર તેજ છે. તેઓ સુંદર કામ કરી રહ્યા છે. તેની વાત હું ત્યાં આવીશ ત્યારે કહીશ.

શુભેચ્છક
વસંતરાયના આશીર્વાદ.

☆ ☆

( ૫ )

જુહુ બંગલો, વીલેપારલે
૨૭ એપ્રિલ '૨૮

લખી, લલ્લુ, અને જીવણ,

તમે સૌ સાથે આવ્યાં હોત તો ભારે મજા પડત. અહીંનો દરિયાકાંઠો ઘણો સુંદર છે. રેતી ઝીણી અને સુંવાળી છે, અને એમાં શંખલાં-છીપલાંનો પાર નથી. તમારે માટે અને આપણી નિશાળ માટે અમે કેટલાં ય શંખલાં એકઠાં કર્યાં છે. શંખલાંમાં કેટલી ય જાતો છે અને તે બધી સુંદર સુંદર છે.

સાંજે જ્યારે દરિયામાં ભરતી આવે છે ત્યારે અમે રેતીમાં જઈને ઊભાં રહીએ છીએ. અને આ ઘડીએ પાણી ઘૂંટણ સુધી હોય છે

તો બીજી ઘડીએ તો કેડ સુધી પહોંચે છે. અમે પાછા પાછા ભાગતા જઈએ છીએ અને દરિયો અમારી પીઠે આવતો જાય છે. પણ જ્યારે ઓટ થાય છે અને પાણી ઊતરવા લાગે છે ત્યારે અમે દરિયાને કહીએ છીએ : "કાં ? આવો ને ભાઈ, આવો ને !" પણ તેનાથી અવાતું જ નથી. ભરતી અને ઓટમાં ભારે મજા પડે છે.

અહીં હવા સરસ મજાની રહે છે. બપોરે જરા સહેજ ઘામ જેવું લાગે છે, પણ તડકો નામે જણાતો નથી. સવારને વખતે તો એવી ગુલાબી ઠંડી પડે છે કે એકાદ ચાદર ઓઢી લેવી પડે છે. સૌને રામ રામ.

લિ૰ તમારો મિત્ર
ચંપક.

☆ ☆

( ૯ )

ગિરગામ બેકરોડ, મુંબઈ
૨ નવેમ્બર ૧૯૨૬

પ્રિય બહેન હલીમા,

ગઈ કાલ આપણે રેલગાડીમાં એકાએક

ભેગાં થઈ ગયાં. હું તો તને ભૂલી ગયેલી પણ તેં મને ઓળખી કાઢી. મારું ભેજું જ એવું. હું માણસોના ચહેરા ભૂલી જાઉં છું. પણ હલીમા ! તું બાલમંદિરમાં હતી તેમાં ને આજે, તારામાં ઘણો ફેર થઈ ગયો છે. કાલે તો તેં મોટી એવી ઇજાર ને આભો પહેર્યાં હતાં; તને તે શોભતાં પણ હતાં. પણ તું તો જરાય ઓળખાતી નહોતી. તારી ઝીક ભરેલી ચૂંદડી મને બહુ ગમી હતી.

હલીમા ! બાલમંદિરના દિવસો સંભારતી હું હસતી હસતી રડી પડું છું. કેવાં આપણે રમતાં હતાં, ને કેવાં આપણે ચિત્ર કાઢતાં હતાં, ને કેવાં આપણે સાથે બેસી નાસ્તો ખાતાં હતાં !

તેં કહ્યું છે તેમ જરૂર તું એક વાર મારે ત્યાં આવજે. મારા ઘરમાં જ તને ઉતારીશ અને મારી પડખે જ બેસારીને જમાડીશ. આપણે તો નાનપણની ગોઠણો ને ?

બા ને બાપુએ પણ કહ્યું છે કે હલીમાને બોલાવજે.

તારી ખોરશેદના ઘુવાસલામ.

☆ ☆

( ૭ )

ગોપીપુરા, સુરત
C/o ગોવિંદરાય વકીલ
તા. ૨૨ : ૧૨ : ૨૫

ભાઈશ્રી,

આ સાથે તમારું હસ્તલિખિત 'પારિજાતક' માસિક મોકલું છું. મને એ ઘણું ગમ્યું. તેના પૂંઠા પર તમે એક સાદા સાથિયાથી જે રચના ઊભી કરી છે તે અમે વારેવારે જોઈ. સાદી વસ્તુને કેવી સરસ ગૂંથી છે!

'પારિજાતક'ની એક ખૂબી મને એ લાગી છે કે એમાં એક પણ ભાષાંતર નથી. જેવું આવડ્યું તેવું સૌએ સ્વતંત્ર લખ્યું છે તે એક રીતે સારું છે. આમ કરતાં કરતાં તમને સૌને સારું લખતાં આવડશે.

પેલા રમણે ઠઠ્ઠાચિત્રો સુંદર દોર્યાં છે. વખતે ભવિષ્યનો મોટો ચિત્રકાર થઈ પડે નહિ! જાળવજો હં, રવિભાઈને ચેતવવાની છું.

અને પરીઓની વાતો લખનાર પેલા ચ. મ.ને પણ ચેતવવાની છું કે અમારા દેશની

પરીઓની વાતો થવાની છે! ઝટઝટ તેઓ પરદેશની પરીઓની લઈ આવે, નહિતર પછી તેનો કોઈ ભાવ નહિ પૂછે.

રમૂજી ટૂચકા વિભાગ મને બહુ જ ગમ્યો. આપણા લોકો ઘુવડ જેવાં મોઢાં કરીને વંચાય એવું લખ્યા કરે તે કોને ગમે? આ ટૂચકા વાંચતાં તો શેર લોહી ચડે છે. કહે છે પારસીઓમાં બહુ ટૂચકા છે. ટૂચકા વાંચવાથી જ તેઓના ગાલ લાલ તો નહિ હોય?

છેટ્ટલે એક વાત લખું છું: આ 'પારિજાતક'માં ક્યાંઈ દોડવા-કૂદવાની વાત જ ન આવી! તે આપણે કાંઈ ગિજુભાઈ, ને કાકા, ને તેમના દોસ્તદારો જેમ નર્યા લેખકો જ થવું છે? આપણે અખાડાબખાડાની પણ વાતો કરવી ને કસરતનું યે કરવું. આ આટલી મારી સલાહ.

બાકી 'પારિજાતક' સરસ છે.

લિ૦ તારી મોટી બહેન.

☆ ☆

(૮)

નવાપરા, ભાવનગર
તા. ૧૪ : ૭ : ૨૧

બ્હેન ચંપા,

તારો પત્ર મળ્યો. તું લખે છે કે નવા સમાચાર લખજે. લે ત્યારે આ વખતે તદ્દન નવા સમાચાર જ લખું.

એક તો એ કે બાપુએ હમણાં ક્રીડાંગણ ખોલ્યું છે. એમાં અમે બધાં આડોશીપાડોશીનાં છોકરાં ભેગાં થઈએ છીએ. વિનય અને શંકર, રમા અને વિજયા, અમે બધાં સાથે રમીએ છીએ અને ભારે મજા પડે છે. એમ નથી કે છોકરાની ટોળી જુદી ને છોકરીઓની જુદી. જે રમી જાણે તે બધાં સરખાં. ગઈ કાલે હું અને રમેશ ઊભાવડિયા (કેપ્ટન) હતાં, અને અમારી રમત ખૂબ ચકી હતી. આખરે અંત ન આવતાં સાંજ પડતાં એમ ને એમ જ રમત બંધ થઈ હતી.

બીજા નવા સમાચાર એ છે કે અમારી શાળામાં એક વાચનાલય ઉઘાડવામાં આવ્યું છે. એવો સુધારો કર્યો છે કે એક કલાક

ભણવાને બદલે વાચનાલયમાં જવું ને વાંચવું. સુધારો ઘણો સરસ છે. અમે તો વાંચ્યા જ કરીએ છીએ. ભણતાં વખત જતો નહોતો, ને વાચનાલયમાં તો ઘડીકમાં એમ થાય છે કે અરે, વખત પૂરો થઈ ગયો !

પુસ્તકો સારાં છે અને વગર મહેનતે વાંચેલું બધું યાદ રહી જાય છે. હું તો ઘેર જઈને એમાંથી કેટલી ય વાતો ભનુને અને કીકીને કહું છું.

લે, હવે બસ થયું ?

પણ એક ત્રીજા સમાચાર આપું. ગઈ કાલે ચાલતાં ચાલતાં મને ઠેસ લાગી હતી. આ પણ એક નવા સમાચાર જ ને ?

લિ૦ તારી કુસુમના
નમસ્કાર.

☆ ☆

(૯)

સ્થળ અંધેરીનગરી
તા. યાદ નથી.

મૂર્ખાભાઈ,

ત્રણ ત્રણ કાગળ પણ જવાબ કેમ નથી

આપતા ? કાં તો તમે ત્યાં હશો નહિ, કાં તો ટપાલી કાગળ આપતો નહિ હોય, કાં તો હું ટપાલમાં નાખતો નહિ હોઉં અને વખતે મેં લખ્યા જ નહિ હોય !

પણ હવે આ કાગળ તો હું સગે હાથે જ લખું છું ને સગે હાથે જ રવાના કરાવીશ. સાથે ત્યાં ટપાલી ઉપર પણ કાગળ લખું છું કે આ કાગળ તને હાથોહાથ જ આપે.

જો હવે આનો જવાબ આપજે. અને નહિતર પછી તારે ને મારે આજથી અબોલા. તે બોલવાના નહિ હં, કાગળ લખવાના. અને એક રીતે એ સારું થશે. આપણી મહેનત બચશે ને કાગળ, પત્તાં ને ટિકિટ બચશે.

અને જો, આ કાગળ હું તારા ઉપર રવાના કરતો નથી; તારે એનો જવાબ આપવાનો રહેશે નહિ. એટલે હવે આપણી મુરાદ બર આવશે.

લિ૦ તારા કાગળની
ઝંખના કરતો તારો મિત્ર
ચકુમ.

☆ ☆

(૧૦)

ગંગાપુર
૧ એપ્રિલ ૧૯૨૫

ભાઈશ્રી,

આ સાથે અહીં રણછોડલાલ આવ્યા ને છત્રી ભૂલી ગયા તે મોકલું છું. ભાઈ રણછોડ-લાલને કહેજે કે તમે તે કેવા ભુલકણા! ઘેર ટુવાલ મૂકીને આવ્યા, ગાડીમાં ચશ્માં ખોયાં ને અહીં પાછા છત્રી મૂકતા ગયા! પાછું વળી રસ્તામાં ખોયું હોય તે ખરું!

રણછોડલાલને કહેજે કે હવેથી ડોક સાથે છત્રી બાંધીને ખુલ્લી જ રાખવામાં આવશે, કાન સાથે ચશ્માંની ડાંડલીઓ દોરાથી બાંધી લેવાશે, ને ટુવાલ ગળે ટાંગેલો રાખવામાં આવશે.

આ કાગળ રણછોડલાલને વંચાવજે; અને જો ગુસ્સે થાય તો કહેજે કે તું બહુ મૂર્ખો છે, અને હસી પડે તો કહેજે કે તું બહુ ડાહ્યો છે. પણ પહેલાં આટલું વંચાવી પછી કાગળ વંચાવજે.

રણછોડલાલ એમ તો ડાહ્યો જ કહેવડાવશે.

એ ગાંડાને કહેજે કે આ બધું ભૂલતો રહે છે તે કેમ ચાલશે? ઠીક, રામરામ.

લિ૦ વિનોદ.

☆ ☆

( ૧૧ )

શાંતિકુટિર : વડોદરા.
તા. ૨ : ૮ : ૨૮

પ્રિય ભાઇ,

તારા કાગળની ઘણા દિવસથી રાહ જોતો હતો. ટપાલ આવી ને ઉતાવળથી તે ફોડી. સરનામાના અક્ષર તારા જેવા જ લાગ્યા અને ભૂલ ખાઈ ગયો. ખરી રીતે કાગળ આપણા ચકુભાઈ ઉપરનો હતો, અને તે તેના મિત્ર હેમુ-ભાઈએ લખ્યો હતો. બીજાનો કાગળ ઊઘડી ગયો અને તેની ઉપર આંખો ફરી વળી તેથી મને શરમ આવી. એમ તો હું કોઈના કાગળ નથી વાંચતો. અને તે આપણાથી કેમ વંચાય ? આ અકસ્માત માટે મને દિલગીરી થઈ. મેં ચકુભાઈની માફી માગી છે, પણ હેમુભાઈની માફી પણ મારી વતી માગજે.

આ એક વાત થઈ. હવે એક બીજી વાત પણ એવી જ તારી માફી માગવાની છે. તારી બ્હેને મને ચાર દિવસથી તારા ઉપર રવાના કરવા કાગળ આપ્યો છે, અને ચાર દિવસથી તે મારા ખિસ્સામાં જ પડ્યો રહે છે. કેટલો હું બેદરકાર ? આજે તે હું રવાના કરું છું, અને એ માટે તારી માફી માગું છું.

પત્રની પ્હોંચ લખજે. રજામાં ક્યાં જવાનો છે તે જણાવજે. હું તો મારા સહાધ્યાયીઓ સાથે ગિરનારની મુસાફરીમાં જવાનો છું.

ભણવાનું કામ કેવુંક ચાલે છે ?

લિ૦ તારો રમેશ.

☆ ☆

( ૧૨ )

રામપુર
ફાગણ વદિ ૨.

ચંદુભાઇ,

તું રજામાં આવવાનો છે જાણીને અમે ખુશ થયા છીએ. મને થોડું થોડું તરતાં આવડી ગયું છે. તું આવીશ એટલે તને તરતાં

શીખવવા જેટલો હોશિયાર થઈ જઈશ. પછી તો આપણે તરશું ને મજા કરશું.

હમણાં તો કેશુભાઈ સરસ તરે છે. એ હાથ અદ્ધર રાખીને પણ તરે છે, અને ડૂબકી મારી ક્યાંઈ ક્યાંઈ નીકળે છે. આપણે તો કાંઠે બેસીને જોઈએ છીએ. જરા જરા ઢબતાં આવડ્યું છે.

બાકી પેલો રામજી તો એવો બીકણ છે કે પાણીમાં પગ બોળતો નથી. કહે છે કે 'મારે તરવું છે.' ને પાણી દેખીને ભાગે છે! બધા એને પકડીને પાણીમાં લઈ જાય છે ત્યારે ભાઈ ભેંકડો તાણીને રડે છે! મોટી બહેનને તો તરતાં આવડી ગયું છે.

પણ કાગળમાં વધુ શું લખવું'તું? ઝટ ઝટ તું આવ એટલે આપણે તરવા જઈએ. રજા પડે કે તુરત જ નીકળજે.

તારો ધીરુ.

☆ ☆

(૧૩)

સારંગપુર : અમદાવાદ
૬ : ૩ : ૨૮

મોટાભાઈ,

બા કહે છે કે બધાએ પોતાની મેળાએ કાગળ લખવા. આ મારો કાગળ છે. હું ખુશીમાં છું. બહેન ખુશીમાં છે. તમે ખુશીમાં હશો. કાગળ પૂરો થયો.

વજુભાઈ.

☆ ☆

(૧૪)

રાવપુરા, વડોદર
વેશાખ સુદિ ૧૫

પૂજ્ય પિતાશ્રી,

વડોદરે મામાને ત્યાં ઊતર્યો છું. બાપુએ આપેલી ચિઠ્ઠી મોતીભાઈને આપી એટલે તેમણે પુસ્તકાલય બતાવ્યું. મોટું ગંજાવર પુસ્તકાલય છે. પણ પુસ્તકાલય જોવાં કરતાં મને કમાટી-બાગ જોવાનું બહુ ગમ્યું. સિંહ ને વાઘ તો ભાવનગરમાં જોયેલા, પણ અહીંના કાચબા બહુ મોટા છે. આપણી ચાઉસની ઓરડીથી

અડધા જેટલા; એક જાણે નાનું સરખું ગારિયું પડ્યું છે! એમાં એક ઝૂલતો પૂલ પણ છે. આપણા બોડતળાવના પૂલથી જરા જુદો છે. તેના ઉપર પણ અમે ખૂબ કૂદ્યા.

અહીંનો રાજમહેલ જોવા જેવો છે. કાલે અમે તે જોવા જવાના છીએ. એ જ.

આજ્ઞાંકિત
નરેન્દ્રના સાષ્ટાંગ પ્રણામ.

☆ ☆

( ૧૫ )

નાસિક

કનુભાઈ,

આજે જ અમે અહીં આવી પહોંચ્યા છીએ. હજી તો ઉતારો શોધીએ છીએ. પણ આપને ફિકર ન થાય એટલા માટે ગાડીમાંથી ઊતરીને તરત જ આ પત્ર લખી નાખું છું. રેલ્વેમાં કશી અડચણ આવી નથી. બારીએ જોતાં હવામાં ચંદુની ટોપી ઊડી ગઈ એટલા નવીના ગણાય. અમે મજામાં છીએ.

તા. ૬ : ૫ : ૨૭ નરેન્દ્રના નમસ્કાર.

☆ ☆

( ૧૬ )

કલકત્તા
૧૭ મે ૧૯૨૭

વિનુભાઈ,

આજે અમે ચીડિયાખાનું જોઈ આવ્યા. હું તને રોજ ને રોજ પત્ર ન લખું તો લખવાનું એટલું બધું વધી જાય તેમ છે કે આખરે કંઈ જ ન લખાય. એટલે જ તો ખાઈ પીને રાત્રે કાગળ લખવા બેસું જ છું.

ચીડિયા એટલે પક્ષીઓ, પણ ચીડિયાખાનું એટલે માત્ર પક્ષીઓનું નહિ. ચીડિયાખાનું એટલે તો પશુપક્ષીઓનું એક મોટું જબરજસ્ત સંગ્રહાલય. કહે છે કે કલકત્તાનું ચીડિયાખાનું હિન્દુસ્તાનમાં મોટું છે; અને ખરેખર બહુ મોટું છે. ને કેટલું બધું ભેળું કરેલું છે? કેટલી ય જાતના વાંદરાઓ; અહીં પેલા ગુજરાતના કાળાં મોઢાંવાળા વાંદરા પણ છે. કેટલી યે જાતના સાપો; મોટા મોટા ભયંકર અજગરો—વાર્તામાં માણસને ગળી જાય તેવા આવે છે તેવા; ઊડતા ને કાબરચીતરા ને લીલા સાપો! ને કેટલી યે જાતના સાપો!

જે જુઓ તે બધું કેટલી યે જાતનું. એક જંગલમાંથી નહિ પણ દુનિયાનાં જંગલોમાંથી ભેળું કરેલું. ગેંડો પણ અહીં; શાહમૃગ પણ અહીં; કાંગારુ પણ અહીં; બિલાડી પણ અહીં; વાઘ-ચિત્તા પણ અહીં. બાકી હરણ, બગલા, પોપટ ને મેના: એનો તો કાંઈ પાર નથી. ખરેખર માણસો પણ અજબ જેવા છે. મનમાં આવ્યું કે ચાલો દુનિયાનાં પશુપક્ષીઓ ભેળાં કરીએ, એટલું બસ કર્યું જ છે! અહોહોહો!

ખરેખર, કલકત્તાનું ચીડિયાખાનું જોવા જેવું છે.

મોહનનાં વંદન.

☆ ☆

( ૧૭ )

કલકત્તા.
૨૧ મે ૧૯૨૭.

પ્રિય ભાઈ,

ગઈ કાલે હુગલી નદી પર હોડી ચલાવવા ગયા હતા. કલકત્તાની હુગલી એટલે ગંગા માતા. પણ અહીં તો સાવ ડોળાં પાણી! જાણે

ગંગાજી જ નહિ. આગબોટો ને વહાણો ને કંઈક કંઈક ગંગામાનો ડહોળી રહ્યાં છે.
સાંજનો વખત હતો. અને અમે અમારી હોડી ચલાવી. હોડીમાં બેઠાં બેઠાં આજુબાજુનું કલકત્તા શહેર જોવાની ભારે મજા પડી.

આઠ દિવસમાં આપણને એકબે શબ્દો બંગાળીના આવડ્યા છે, અને તે વારે ને ઘડીએ વાપરવાના જ. 'મોશાય, બોસો બોસો.' એટલે મહાશય, બેસો બેસો. ને કલકત્તાને કલિકાતા કહે છે! પાટિયાં સામે જોઈ જોઈને થોડા થોડા અક્ષરો ઊકલવા લાગ્યા છે. કોઈ ગુજરાતીને ને કોઈક સંસ્કૃતને મળતા અક્ષરો છે.

તું જાણે છે કે અહીંના લોકો ટોપી પહેરતા જ નથી? પણ તેઓ વાળ સરસ ઓળે છે. તેલ નાખેલા વાળ તડકામાં ઝગઝગે છે. બાપુજીની પાઘડી સામે ઘણા લોકો તાકીતાકીને જુએ છે. અહીંથી કેટલાંએક પોસ્ટકાર્ડ લીધાં છે. તને હું તે જુદા બુકપોસ્ટથી મોકલું છું. બધાનો બતાવજે. એ જ.

મોહનનાં વંદન.

☆ ☆

( ૧૮ )

કોઠારિયાગેટ : રાજકોટ
૨ : ૫ : ૩૬

ભાઈશ્રી ચંપકલાલ,

આ કાગળ અમે બધા ભેગા થઈને લખીએ છીએ. તું અમારા અક્ષર વરતી જજે. દરેકે એક એક લીટી લખી છે ને એમ કરીને આ કાગળ પૂરો કર્યો છે. તને ખબર આપવાના કે તારી લાકડી કીકાએ ભાંગી નાખી છે. ને તારો દડો કાલે ખાળમાં પડી ગયો હતો તે માંડ માંડ કાઢ્યો. કાલથી તો બાપાએ તારું બધું કબાટમાં મૂકી દીધું છે. તું ને બા ને માશી ખુશીમાં હશો.

માશીબાને પ્રણામ. હવે વહેલો વહેલો આવજે.

લિ૦ તારા જૂના મિત્રો.

☆ ☆

(૧૯)

કબૂતરખાના, ભરૂચ.
વસંતપંચમી.

પ્રિય ભાઈ,

તારો કાગળ મળ્યો. પણ તેં ટિકિટ નહોતી ચોડી એટલે નોટપેડ થયો. સિરનામું બધાના નામનું કરેલું એટલે અમે પાઈ પાઈ એકઠી કરી નોટપેડના પૈસા આપ્યા. અમે પણ તને એક નોટપેડ કાગળ લખવાના છીએ. ને તારે તો એકલાને ચાર પૈસા ભરવા પડશે.

તારા અખાડાના મિત્રો.

☆ ☆

(૨૦)

વિઠ્ઠલપુર.
પોષ સુદિ ૫

ચંપા બહેનને પ્રણામ. લખવાનું કે તમારો કાગળ ઘણા દિવસથી નથી. અમને તમારો કાગળ બહુ ગમે છે. તમે વારે ઘડીએ લખશો તો બહુ સારું થશે. તમારા કાગળના કો'ક અક્ષર નથી ઊકલતા તો બરાબર લખજો.

અમે તમને કાગળ લખશું, ને તમે પણ અમને લખજો. અમારે માટે થોડીક બંગડીઓ જરૂર મોકલજો. અમે ખુશીમાં છીએ. એ જ.

લિ૦ વિજયાગારી.

☆ ☆

( ૨૧ )

પ્લોટમાં, ભાવનગર
૧૨ : ૫ : ૨૮

પ્રિય ભાઈ,

હમણાં મેં ને રૂખીબહેને એક પ્રયોગશાળા ખોલી છે. બાપાએ અમને એક ઓરડો આપ્યો છે ને કહ્યું છે કે કરો તમને ગમે તે. પહેલે દિવસે તો અમે મેંદી વાટીને હાથ ઉપર મૂકી : આંગળાં ને હથેળીને લાલ લાલ કર્યાં. કાલથી અમે કાગળ કાપીને જાતજાતની કોતરણીઓ કરીએ છીએ; કેટલી યે નવી નવી જાતો થાય છે. અમે એક ઓરડીમાં ચોડવા માંડી છે.

એક બીજું કામ પણ કરવાનાં છીએ. ઝાડ અને છોડનાં પાંદડાંને તોડીતોડીને બાપાએ

ચોપડીમાં દબાવવાનું કહ્યું છે. ચોપડીમાં મૂકીને અમે તેના ઉપર પથરો મૂકીએ છીએ. બાપુ કહે છે કે એવાં સુકાઈ ગયેલાં પાંદડાંને નોટમ ચોડીને રાખી મૂકજો.

મોટોભાઈ આજ રાત્રે જાદુના પ્રયોગો કરવાનો છે. કોઈને કહેવાનો નથી કે એણે બધું કેવી રીતે ગોઠવ્યું છે. અમે બધા સાંજે એના જાદુના ખેલો જોઈશું. એમ રમતગમતમાં રજાના દિવસો ઝપાટાબંધ જાય છે.

લિ૦ બબુબહેન.

☆ ☆

( ૨૨ )

મોણપુર
ભાદરવા વદિ ૨

બાપુજી,

આ કાગળ બહુ કામનો છે. કાલે બાને વીંછી કરડ્યો હતો; રાડેરાડ નાખતાં હતાં એની દવા ત્યાં વેચાય છે માટે જરૂર જરૂર લેતા આવજો. જોજો, ભૂલશો નહિ. આ કાગળ

ઉતાવળથી લખીને નાખ્યો છે. અક્ષર બરાબર નથી. એ જ.

ગજુનાં વંદન.

☆ ☆

( ૨૩ )

તખ્તેશ્વર પ્લોટ; ભાવનગર
૮ : ૬ : ૨૯

પ્યારા બેટા,

તું આટલી ઉંમરે પહેલવહેલો જ ઘર છોડી દૂર ભણવા ગયો છે તેથી ઘર ખાલી ખાલી લાગે છે. વારેવારે તારું નામ દઈને જેને તેને બોલાવાઈ જવાય છે. ઘરમાં તારાં બીજાં ભાંડરડાં છે, પણ તારી ગેરહાજરી વરતાય છે. ને જમુ ને કમળ વારે વારે તારી ફરિયાદ લાવતાં હતાં કે અમને રમુ આમ કરે છે ને તેમ કરે છે, પણ તે તો હવે "બા! રમુભાઈ ક્યારે આવશે? ' એમ આખો દિવસ પૂછ્યા કરે છે. રસિલા તો—

"ધામ સૂનાં સૂનાં રે;
ભાઈ વિના ધામ સૂનાં સૂનાં રે!"

એમ ગાયા કરે છે.

ગઈ કાલનો તારો પત્ર મળ્યો. હમણાં તારે અઠવાડિયે બે પત્રો તો અવશ્ય લખવા; એ વિના અમને નહિ ગમે. તારા બાપુ બહાર ગામથી કાલે આવી ગયા છે. એ જ.

લિ૦ શાંતાગૌરીના આશીર્વાદ.

☆ ☆

(૨૪)

ભાવનગર : ૨૦ : ૫ : ૨૭

બાબીબહેન,

આ કાગળ દીકુ લખાવે છે. સુકન્યાને કહેજે કે તારી ઓશરીમાં અમે રમીએ છીએ. ના ના, તારા ફળિયામાં. ઓશરીમાં તો તડકો આવે છે. તારા ઘર પછવાડે કૂતરાં ખાડા પાડે છે. કાળીને ચાર ગલૂડિયાં આવ્યાં હતાં; બે મરી ગયાં ને બે જીવે છે. એક મારે માટે રાખું છું ને એક તને આપીશ. તારું ધોળું, હો! મને કાળું ગમે છે. ને તું તારા ચંપલ મારે ઘેર

ભૂલી ગઈ છો; ને તારા ઘરમાં મારી ઘાઘરી રહી ગઈ છે. બસ; ટીકુનો કાગળ ખલાસ.

☆ ☆

( ૨૫ )

કેશોદ
પોષ સુદિ ૭

રમુભાઈ,

આ સાથે એક ટોપલી મોકલું છું. એમાં કેરી નથી; એમાં રમકડાં પણ નથી. હળવે ઉઘાડજો એમાં એક સસલું છે.

સસલું તમને બહુ ગમે છે તેથી એક મોકલ્યું છે. કાલે મોટા કાકાએ ત્રણ સસલાં આણ્યાં છે. તેમાં બે અમે રાખી એક તમને મોકલીએ છીએ.

કાકા કહે છે કે સસલાંને રોજ નવરાવવાં, ને ધરો ને રજકો ખવરાવવાં. એને પલાળેલા ચણા પણ બહુ ભાવે છે.

તારો યોગીન્દ્ર.

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

| | | | |
|---|---|---|---|
| બાળવાર્તાઓ ૧ થી ૫ ... | ... સેટના | ... | ૯-૭૫ |
| બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... | ... ,, | ... | ૨-૦૦ |
| બાલસાહિત્ય માળા ( ૮૦ પુસ્તકો ) ... | ,, | ... | ૪૦-૦૦ |
| બાલસાહિત્ય ગુચ્છ ( ૨૫ પુસ્તકો ) ... | ,, | ... | ૧૪-૦૦ |
| બાલસાહિત્ય વાટિકા-૧ ( ૩૨ પુસ્તકો ) | ,, | ... | ૪૨-૫૦ |
| બાલસાહિત્ય વાટિકા-૨ ( ૧૬ પુસ્તકો ) | ,, | ... | ૨૩-૫૦ |

| | | | |
|---|---|---|---|
| કિશોર કથાઓ ૧-૨ | ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો | ૨-૫૦ |
| રખડુ ટોળી ... | ૪-૫૦ | ભગવાન બુદ્ધ ... | (છપાશે) |

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

| | | | |
|---|---|---|---|
| મહાભારતનાં પાત્રો ( ૧૩ પુસ્તકો ) ... | સેટના | ... | ૨૦-૫૦ |
| રામાયણનાં પાત્રો ( ૬ પુસ્તકો ) ... | ,, | ... | ૧૨-૦૦ |
| હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ | ,, | ... | ૫-૫૦ |

| | | | |
|---|---|---|---|
| શ્રીમદ્ લોકભાગવત | ૭-૫૦ | ભાગવતકથાઓ | ૩-૦૦ |

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

| | | | |
|---|---|---|---|
| સાગરસમ્રાટ ... | ૩-૦૦ | પાતાળ પ્રવેશ ... | ૨-૫૦ |
| સાહસિકોની સૃષ્ટિ | ૪-૫૦ | ખજાનાની શોધમાં | ૨-૫૦ |

## પાંચ વિશિષ્ઠ ગ્રંથાવલિઓ

| | | |
|---|---|---|
| નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... | સેટના | ૮-૦૦ |
| જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા | ,, | ૭-૫૦ |
| કમલ કિતાબ ( સચિત્ર ૧૦ પુસ્તકો ) ... | ,, | ૭-૫૦ |
| ટારઝન ૧ થી ૧૦...લે૦ શંકર શાહ ... | ,, | ૧૩-૫૦ |
| સાહસકથાઓ ( ૩૧ પુસ્તકો ) ... ... | ,, | ૭૧-૨૫ |

**આર. આર. શેઠની કંપની** મુંબઈ-૨ અમદાવાદ-૧


કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ